## સિધ્ધપુર ના મે. એડી.ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટમા, મુ.સિધ્ધપુર.

---

**ફોજદારી કેસ નં. ૨૨૩/૨૦૨૬**

**ફરિયાદીઃ** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઃ** સાહીદખાન અહેમદહુસેન નાગોરી

**ગુનોઃ** બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબ.

**-:ચૂકાદો:-**

ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાનું વાહન પૂરઝડપે અને ગફલત ભરી રીતે માણસોની જીંદગી જોખમાય તે રીતે હંકારી આવી મળી આવેલ અને તે રીતે આરોપીએ બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુબજનો ગુનો આચરેલ છે.

આરોપી અદાલતની ખાસ બેઠક સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલો આપેલ અને ત્યારબાદ આરોપીએ ગુના કબુલાતની પુરસીસ સ્વૈચ્છાએ રજૂ કરતાં આરોપીની પ્લી લઇ તેને પુછતાં આરોપી સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવે છે.

આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી તેમાં જાહેરાત કરેલ છે કે, તેઓ ગરીબ તથા કુટુંબ કબીલાવાળા માણસ છે તેમજ હાલનો તેઓનો પ્રથમ ગુનો છે, જેથી યોગ્ય હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

તમામ રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લેતાં, ફરિયાદપક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે હાલની ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમથી જ હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે તેના ગુના કબુલ સંદર્ભે રજૂ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો સમય બચે છે અને તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં ઉપયોગ કરી શકાય તેમ હોય, ઉપરાંત આરોપી જ્યારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ પર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઇ બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબના ગુનામાં નક્કી કરેલી ઓછામાં ઓછી સજા જોતાં ઓછી સજા કરીને, ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઇ રહે તેમ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:<u>હુકમ</u>:-**

- આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૫ અન્વયે બી.એન.એસ.ની કલમ-૨૮૧ મુજબના ગુનામાં કસૂરવાર ઠરાવી રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

તા. ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : સિધ્ધપુર.

**(જયશ્રીબેન શિવાભાઈ સુતરીયા)**
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને
એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, સિધ્ધપુર.
કોડ નં.જીજે-૦૦૮૭૭